જ્યાં વિદ્યાની સેવા, તપનો સત્કાર અને સત્યનું શાસન નથી ત્યાં ધર્મ નથી
- કનૈયાલાલ મુન્શી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૮ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; અધિક ભાદરવા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર શહેર-જિલ્લામાં શ્રીકાર વરસાદ

## કલોલ તાલુકામાં ત્રણ ઈંચ, દહેગામ, ગાંધીનગર તાલુકામાં બે થી અઢી ઈંચ વરસાદ અને માણસા તાલુકામાં સવા ઈંચ વરસાદ નોંધાયો : મોસમના ૬૦ ટકા સરેરાશ વરસાદથી સાર્વત્રિક ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલ શ્રીકાર વર્ષાને લઈ સાર્વત્રિક આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે કલોલ તાલુકામાં ત્રણ ઈંચ તથા ગાંધીનગર દહેગામ અને માણસામાં બે-બે ઈંચ વરસાદ થતાં જિલ્લામાં ૬૦ ટકા જેટલો સરેરાશ થવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે ગાંધીનગર અને દહેગામ તાલુકામાં બે-બે ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે માણસા તાલુકામાં લગભગ સવા ઈંચ જેટલો વરસાદ થયો હતો. જ્યારે કલોલ તાલુકામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

આજે દિવસ દરમ્યાન કલોલ ગાંધીનગર અને માણસા તાલુકામાં વરસાદના હળવા ઝાપટાં ચાલુ રહ્યા હતા. માણસામાં દિવસ દરમ્યાન એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે કલોલ અને ગાંધીનગરમાં અડધા ઈંચ થી પણ ઓછો વરસાદ થવા પામ્યો હતો.

અપર એર સરક્યુલેશન સર્જાતાં ગુજરાતમાં ચોમાસુ સક્રિય થતાં જ જિલ્લામાં પણ શ્રીકાર વર્ષા થઈ છે. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતો સહિત નગરજનો અને ગ્રામ્ય વિસ્તારની જનતાએ રાહતની લાગણી અનુભવી છે. જો કે જિલ્લામાં આ શ્રીકાર વર્ષા થતાં પશુધન માટેની ઘાસચારાની સ્થિતિમાં સારો એવો સુધારો થયો છે એટલુ જ નહિ ખેડૂતો દ્વારા હજુ પણ ઘાસચારાનું વાવેતર થઈ રહ્યાના અહેવાલો છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થયો છે અને જિલ્લાનાં ચારેય તાલુકામાં સરેરાશ ૪૭૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.


પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૬૦૮ મી.મી. નોંધાયો છે. આ પછી ગાંધીનગરમાં ૫૫૭ મી.મી., કલોલમાં ૩૪૨ મી.મી. તથા માણસામાં ૩૭૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સતત ત્રણ દિવસથી થઈ રહેલા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં કાદવ-કીચડ થવા પામ્યો છે. શહેરી વિસ્તારમાં પણ ધીમી ગતિએ વરસાદી પાણીનો નિકાલ થતો હોવાની ફરિયાદ ઉઠી છે. જો કે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં શ્રીકાર વર્ષાને લઈ સાર્વત્રિક આનંદનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ વરસાદને કારણે શાકભાજીના પાકોમાં પણ વધુ ઉત્પાદન થવાની આશા બંધાઈ છે.

જિલ્લામાં થયેલા આ વરસાદને પગલે છત્રી બજાર અને પ્લાસ્ટીકની તાડપત્રીઓના બજારમાં પણ ઘરાકી વધી જવા પામી છે.

આજે દિવસ દરમ્યાન સતત ધીમીધારના વરસાદને કારણે જમીનના ભેજમાં વધારો થઈ રહ્યાથી ખેડૂતો પણ વધુ ખુશખુશાલ જણાઈ રહ્યા છે. જમીનમાં જેટલો ભેજ વધારે તેટલો ઉગાવો સારો મળે તેવું ખેડૂતો માની રહ્યા છે.



# ગાંધીનગરના ભોંયણ રાઠોડ ગામે પોલિયોનો શંકાસ્પદ કેસ

## દર્દીની વય માત્ર ચાર વર્ષની જ છે : દર્દીના સેમ્પલ મેળવી અને તેને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામેથી પોલિયોનો એક શંકાસ્પદ કેસ મળી આવતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મળી આવેલ આ દર્દીની વય માત્ર ચાર વર્ષની જ છે. આ દર્દીના સ્ટૂલ સેમ્પલ મેળવી અને તેને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના આદરજમોટી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાંથી આ કેસ મળી આવ્યો છે. આ દર્દીને ડાબુ અંગ આખુ રહી જવા પામ્યુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી સહિતના જિલ્લાના ઉચ્ચ આરોગ્ય સત્તાવાળાઓએ પણ દર્દીની મુલાકાત લઈ અને તેની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ સહિતની કામગીરી કરાવડાવી છે જો કે અન્ય કોઈ કેસ નહિ મળ્યાનું જણાયુ છે.

તાજેતરમાં પોલિયોનો એક શંકાસ્પદ કેસ કલોલ તાલુકામાંથી પણ મળ્યો હતો પરંતુ તેનો પરીક્ષણ અહેવાલ નેગેટીવ આવ્યો હતો. આમ ટુંકાજ ગાળામાં આ બીજો કેસ મળી આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં એક પણ પોલિયોનો કેસ નહિ નોંધાયાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## અમદાવાદમાં ધીમી ધારે બે ઈંચ વરસાદ



અમદાવાદ, તા.૬

અમદાવાદમાં આજે આખો દિવસ ધીમી ધારે સતત વરસાદ પડ્યો હતો. સતત વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧.૧૮ મીમી એટલે કે બે ઈંચ વરસાદ પડ્યો હતો અને મોસમનો કુલ વરસાદ ૨૧.૩૬ ઈંચ નોંધાયો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક સુધી રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. શહેરમાં આજે પૂર્વ ઝોનમાં ૪૪.૧૩ મીમી, પશ્ચિમ ઝોનમાં ૫૧.૮૧ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૨૮ મીમી, મધ્ય ઝોનમાં ૪૨ મીમી, ઉત્તર ઝોનમાં ૫૨ મીમી અને દક્ષિણ ઝોનમાં ૨૯.૧૫ મીમી વરસાદ નોંધાયો હતો.

## અમિત શાહ માટે ગુજરાત હજી દૂર : સુપ્રિમ કોર્ટે ચૂકાદો અનામત રાખ્યો

### સીબીઆઈની દલીલ હતી કે તેમને ગુજરાતમાં આવવા દેવામાં આવે તો કેસ ઉપર અસર પડે, તુલસી કેસમાં કાર્યવાહી બાકી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૬

ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ અંગેનો ચુકાદો નામદાર સુપ્રિમ કોર્ટે અનામત રાખ્યો છે તેથી તેઓ હજી ગુજરાતમાં પ્રવેશી શકે તેમ નથી. અલબત્ત, ૧૦મી સપ્ટેમ્બરે



સીબીઆઇ તુલસી પ્રજાપતિના કેસમાં તેમની સામે કાર્યવાહી કરી શકે છે.

વિધાનસભાની ચૂંટણીમાં અમિત શાહ ગુજરાતમાં આવી શકે તેની પરમિશન માગતી અરજી સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવી હતી, જેની સામે સીબીઆઈએ તેમના જામીન રદ કરવાની માગણી કરતી પિટીશન ફાઈલ કરી છે. સુપ્રિમ કોર્ટમાં ગુરુવારે હાથ ધરાયેલી સુનાવણી બાદ આ અંગેનો નિર્ણય અનામત રાખવામાં આવ્યો છે.

સીબીઆઈએ સુનાવણી દરમ્યાન સોહરાબુદીન એનકાઉન્ટર કેસની સુનાવણી ગુજરાત બહાર હાથ ધરવા ઉપર જોર આપ્યું હતું. સીબીઆઈએ એ દલીલ પણ કરી હતી કે જો અમિત શાહને ગુજરાતમાં પ્રવેશવા દેવાની પરવાનગી આપવામાં આવશે તો તપાસ પ્રભાવિત થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જ કહ્યું છે કે સોહરાબુદીન કેસમાં ટ્રાયલ ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં થવું જોઈએ. અરજકર્તાના વકીલે કહ્યું હતું કે તુલસી પ્રજાપતિ એનકાઉન્ટર મામલામાં પણ સીબીઆઈએ રજૂ કરેલી ચાર્જશીટમાં અમિત શાહનું નામ છે. તેમની સાથે ચાર્જશીટમાં અન્ય પાંચ પોલીસ અધિકારીઓના નામ પણ સામેલ છે.

સીબીઆઈએ સુપ્રિમને સૂચિત કરતાં કહ્યું હતું કે બહુચર્ચિત તુલસીરામ કેસમાં ગુજરાતની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવનાર છે.

પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહની ૨૫મી જુલાઈ-૨૦૧૦ના રોજ સીબીઆઈએ ધરપકડ કરી હતી. તેમણે ત્રણ મહિના જેટલો સમય સાબરમતી જેલમાં પણ વિતાવ્યો છે. સીબીઆઈએ તેમના ઉપર સોહરાબુદીન નકલી એનકાઉન્ટર કેસના મુખ્ય સૂત્રધાર હોવાના આરોપ લગાવ્યા છે. તાજેતરમાં જ તુલસી એનકાઉન્ટર કેસમાં પણ તેમની સામે કાવતરાની કલમ લગાડીને તેમની સામે ચાર્જશીટ ફાઈલ કરી છે. હાલ તેઓ જામીન ઉપર એ શરતે મુક્ત છે કે તેમને ગુજરાતમાં પ્રવેશ કરવો નહીં.

## શહેરમાં ડેન્ગ્યુનો વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાંથી વધુ એક ડેન્ગ્યુનો કેસ મળી આવતાં શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધીને ૧૪ જેટલી થવા જાય છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ડેન્ગ્યુનો મળી આવેલ આ દર્દીએ પહેલાં ખાનગી દવાખાનામાં સારવાર લીધા બાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. જ્યાં ડેન્ગ્યુના પરીક્ષણમાં તે પોઝીટીવ જણાઈ આવ્યો હતો. આ પછી આ દર્દી સઘન સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ સે. ૧૩નો આ રહીશ એક ખાનગી બેંકનો કર્મચારી છે અને હાલ તેની તબિયત સુધારા પર છે. અર્બન મેલેરિયાતંત્રએ મળી આવેલ આ દર્દીના નિવાસસ્થાન અને તેની આસપાસના

● અનુસંધાન પાન-૭ પર

મોન્સુન ડિલાઈટ - સોમથી શુક્ર ૨૦% ખાસ ડિસ્કાઉન્ટ આ કટીંગ સાથે લાવનારને

GREEN LEAF
FINE DINE RESTAURANT & CAFE

પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો

ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો

ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું

શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ

સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી

ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે

સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર
www.greenleafrestaurant.in
ફોન : ૯૨૨૮૦૦૧૮૯૬, ૯૫૫૮૨૮૦૫૭

પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો



હવે આપના શહેરમાં આપની જરૂરિયાત મુજબના અદ્યતન નવીન ઈન્ટરીયલ ડીઝાઈન અને સ્ટાન્ડર્ડ મટીરીયલ્સ મુજબ તૈયાર કરેલ સોફા બનાવવા માટેનું એક માત્ર સ્થળ

એક વખત મુલાકાત

હાઉસ ઓફ સોફા

કે-૧, ૮૦૨/૧, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૪૬૩૫૮, ૯૪૨૬૯ ૬૧૦૬૩

